


# સ્તુતિ-મંગલ

ॐ

# મંગલાચરણ

ણમો અરિહંતાણં,

ણમો સિદ્ધાણં,

ણમો આઈરિયાણં,

ણમો ઉવજ્ઝાયાણં,

ણમો લોએ સવ્વસાહૂણં.

[ ૨ ]

ચત્તારિ મંગલં —અરહંતા મંગલં, -સિદ્ધા મંગલં,
સાહૂ મંગલં, કેવલિપણત્તો ધમ્મો મંગલં.

ચત્તારિ લોગુત્તમા —અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા,
સાહૂ લોગુત્તમા, કેવલિપણત્તો ધમ્મો લોગુત્તમો.

ચત્તારિ સરણં પવ્વજ્જામિ—અરહંતે સરણં પવ્વજ્જામિ,
સિદ્ધે સરણં પવ્વજ્જામિ, સાહૂ સરણં પવ્વજ્જામિ,
કેવલિપણત્તં ધમ્મં સરણં પવ્વજ્જામિ.

[ ૩ ]

ચાર શરણ, મંગલ, ઉત્તમ જે કરે, ભવસાગરથી તે તરે,
સકલ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લહે અનંત.
ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મુક્તિ જાય.
સંસારમાંહિ શરણ ચાર, અવર ન શરણ કોઈ,
જે નર-નારી આદરે, તેને અક્ષય અવિચલ પદ હોય.
અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર,
ગુરુ ગૌતમને સમરિયે તો, સદાય મનવાંછિત ફળ દાતાર.

[ ૪ ]

## 卐 દેવ-સ્તુતિ 卐

અર્હન્તો ભગવંત ઈંદ્રમહિતા: સિદ્ધાશ્ચ સિદ્ધીશ્વરા:,
આચાર્યા જિનશાસનોન્નતિકરા: પૂજ્યા ઉપાધ્યાયકા:,
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકા:,
પંચૈતે પરમેષ્ઠિન: પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્.

આજ દેવ અરિહંત નમું, સમરું તારું નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિન તણી, ત્યાં ત્યાં કરું પ્રણામ.

[ ૫ ]

તુભ્યં નમઃ ત્રિભુવનાર્તિહરાય નાથ,
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય;
તુભ્યં નમઃ ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમઃ જિન! ભવોદધિશોષણાય.

તીર્થંકરો જગતના જયવંત વર્તો,
ૐકારનાદ જિનનો જયવંત વર્તો;
જિનનાં સમોસરણ સૌ જયવંત વર્તો,
ને તીર્થ ચાર જગમાં જયવંત વર્તો.

[ ૬ ]

જગના અગાધ તિમિરે પ્રભુ! સૂર્ય તું છે,
અજ્ઞાન-અંધ જગનું પ્રભુ! નેત્ર તું છે;
ભવસાગરે પતિતનું પ્રભુ! નાવ તું છે,
માતા, પિતા, ગુરુ, જિનેશ્વર! સર્વ તું છે.

અંકુર એક નથી મોહ તણો રહ્યો જ્યાં,
અજ્ઞાન-અંશ બળી ભસ્મરૂપે થયો જ્યાં;
આનંદ, જ્ઞાન, નિજ વીર્ય અનંત છે જ્યાં,
ત્યાં સ્થાન માગું —જિનનાં ચરણાંબુજોમાં

[ ૭ ]

ભલે સો ઈંદ્રોનાં તુજ ચરણમાં શિર નમતાં,
ભલે ઈન્દ્રાણીના રતનમય સ્વસ્તિક બનતા;
નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા,
સ્વરૂપે ડૂબેલા, નમન તુજને, ઓ જિનવરા!

જે આભમાં જગત આ પરમાણુતુલ્ય,
તે અંતહીન નભનું જહીં પૂર્ણ જ્ઞાન;
સૌ દ્રવ્યના યુગપદે ત્રણ કાળ જાણે,
તે નાથને નમન હો મુજ નમ્રભાવે.

[ ૮ ]

સન્માર્ગદર્શી, બોધિદાતા, કૃપા અતિ વર્ષાવતા,
આશ્રય અને કરુણા થકી, અમ રંકને ઉદ્ધારતા;
વિમળજ્ઞાની, શાન્તમૂર્તિ, દિવ્ય ગુણે દીપતા,
જિનરાજજી તુમ ચરણમાં, દીનભાવથી હો વંદના.

પામ્યો છું બહુ પુણ્યથી પ્રભુ ! તને, ત્રૈલોક્યના નાથને,
સદ્‌ગુરુજી સમાન સાક્ષી શિવના, નેતા મળ્યા છે મને;
એથી ઉત્તમ વસ્તુ કોઈ ન ગણું, જેની કરું માગણી,
માગું આદરવૃદ્ધિ તોય તુજમાં, એ હાર્દની લાગણી.

[ ૯ ]

## ॥ જિનવાણી-સ્તુતિ ॥

ૐકારં બિન્દુસંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિન:,
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમ:

નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે;
ચિત્સ્વભાવાય ભાવાય સર્વભાવાંતરચ્છિદે.

જિનાદેશજાતા જિનેન્દ્રા વિખ્યાતા, વિશુદ્ધપ્રબુધા નમો લોકમાતા;
દુરાચાર દુર્નૈહરા શંકરાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાની.

[૧૦]

ધ્રુવ અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને,
વંદી કહું શ્રુતકેવળી-કથિત આ સમયપ્રાભૃત અહો ! ૧

જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;
સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨

એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;
તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩

શ્રુત, પરિચિત, અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;
પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪

દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;
દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,
એ રીત શુદ્ધ કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬

ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;
ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭

ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,
વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮

[૧૨]

શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,
લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯

શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;
સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦

વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;
ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧

દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;
અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨

ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને
આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,
અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,
તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫

દર્શન, વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;
પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદષ્ટિમાં. ૧૬

[૧૪]

#卐 ગુરુ–સ્તુતિ 卐

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમો ગણી;
મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલમ્.

નમું હું તીર્થનાયકને, નમું ૐકારનાદને;
ૐકાર સંઘર્યો જેણે, નમું તે કુંદકુંદને.

અજ્ઞાનતિમિરાંધાનાં જ્ઞાનાંજનશલાક્યા;
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ

[ ૧૫]

વીરનો ધ્વનિ ગુરુપરંપર જે મળેલો,
પોતે વિદેહ જઈ દિવ્ય ધ્વનિ ઝીલેલો;
તે સંઘર્યો મુનિવરે પરમાગમોમાં,
ઉપકાર કુંદમુનિનો બહુ આ ભૂમિમાં.

આ ક્ષેત્રના ચરમ જિન તણા સુપુત્ર,
વિદેહના પ્રથમ જિન તણા સુભક્ત;
ભવમાં ભૂલેલ ભવિ જીવ તણા સુમિત્ર,
વંદું તને ફરી ફરી મુનિ કુંદકુંદ.

[૧૬]

## 卐 ગુરુદેવ-સ્તુતિ 卐

અહો ! ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિ દિવ્યનો;
જિન-કુંદ-ધ્વનિ આપ્યા, અહો ! તે ગુરુ કહાનનો.

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું,
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું,

[૧૭]

પાવન-મધુર-અદ્‌ભુત અહો ! ગુરુવદનથી અમૃત ઝર્યાં,
શ્રવણો મળ્યાં સદ્‌ભાગ્યથી, નિત્યે અહો ! ચિદ્‌રસ ભર્યાં;
ગુરુદેવ તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યાં,
ગુણમૂર્તિના ગુણગણ તણાં સ્મરણો હૃદયમાં રમી રહ્યાં.

દ્રવ્ય સકળની સ્વતંત્રતા જગ માંહી ગજાવનહારા,
વીરકથિત સ્વાત્માનુભૂતિનો પંથ પ્રકાશનહારા;

—ગુરુજી ! જન્મ તમારો રે,
જગતને આનંદ કરનારો.

[૧૮]

સ્વર્ણપુરે ધર્માયતનો સૌ ગુરુગુણકીર્તન ગાતાં,
સ્થળ-સ્થળમાં ‘ભગવાન આત્મ’ના ભણકારા સંભળાતા;
–કણ કણ પુરુષારથ પ્રેરે,
ગુરુજી આતમ અજવાળે.

## 卐 ભગવતી માતા–સ્તુતિ 卐

સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત્ર રહે તદ્ધ્યાનમહીં;
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.

[ ૧૯ ]

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું,
મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી,

સીમંધર-ગણધર -સંતનાં, તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.
તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા ! હાથ ગ્રહો.

[ ૨૦ ]

## 卐 દર્શન–સ્તોત્ર 卐

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનં;
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનં. ૧

દેવાધિદેવનાં (જિનેન્દ્રદેવનાં) દર્શનં પાપનો નાશ કરનાર છે; તેમનાં દર્શન સ્વર્ગનું સોપાન (સીડી) છે; (આત્મશુદ્ધિ સહિત) તેમનાં દર્શન (વ્યવહારનયથી) મોક્ષનું સાધન છે. ૧

દર્શનેન જિનેન્દ્રાણાં, સાધૂનાં વંદનેન ચ;
ન ચિરં તિષ્ઠતે પાપં, છિદ્રહસ્તે યથોદકમ્. ૨

જિનેન્દ્રનાં દર્શનથી અને, સાધુની (આચાર્ય-ઉપાધ્યાય-સાધુની) વંદનાથી પાપ દીર્ઘ કાળ સુધી રહેતું નથી; જેમ છિદ્રવાળી હથેળીમાં પાણી રહી શકતું નથી તેમ. ૨

વીતરાગમુખં દૃષ્ટ્વા, પદ્મરાગસમપ્રભં;
જન્મ-જન્મકૃતં પાપં, દર્શનેન વિનશ્યતિ. ૩

વીતરાગના પદ્મરાગ (માણેક) જેવી કાંતિવાળા મુખને જોઈને, તેમનાં દર્શનથી અનેક જન્મોમાં કરેલાં પાપનો નાશ થાય છે. ૩

દર્શનં જિનસૂર્યસ્ય, સંસારધ્વાન્તનાશનં;
બોધનં ચિત્તપદ્મસ્ય, સમસ્તાર્થપ્રકાશનમ્. ૪

જિનેન્દ્રરૂપ સૂર્યનાં દર્શનથી સંસારરૂપ અંધકારનો નાશ થાય છે અને સમસ્ત પદાર્થોનો પ્રકાશ કરનાર (જાણનાર) એવું ચિત્તકમળ ખીલી નીકળે છે. ૪

દર્શનં જિનચંદ્રસ્ય, સદ્ધર્મામૃતવર્ષણં;
જન્મદાહવિનાશાય, વર્ધનં સુખવારિધેઃ. ૫

સદ્ધર્મામૃત વર્ષાવનાર જિનેન્દ્રચંદ્રનું દર્શન જન્મદાહનો

વિનાશ કરવા માટે સુખસમુદ્રની વૃદ્ધિ (ભરતી) લાવનાર છે. ૫

**જીવાદિતત્ત્વ પ્રતિપાદકાય, સમ્યક્ત્વમુખ્યાષ્ટગુણાર્ણવાય;**
**પ્રશાંતરૂપાય દિગમ્બરાય, દેવાધિદેવાય નમો જિનાય. ૬**

જે જીવાદિ તત્ત્વના પ્રતિપાદક છે, સમ્યક્ત્વપ્રમુખ આઠ ગુણોના (–નિર્મળ પર્યાયો પ્રગટ કરવા માટે નિમિત્ત તરીકે) આશ્રય છે, જે પ્રશાંતરૂપ, દિગંબર અને દેવાધિદેવ છે એવા તે જિનેન્દ્રદેવને નમસ્કાર.૬

**ચિદાનન્દૈકરૂપાય, જિનાય પરમાત્મને;**
**પરમાત્મપ્રકાશાય, નિત્યં સિદ્ધાત્મને નમઃ. ૭**

જે એક (-કેવલ માત્ર) ચિદાનંદરૂપ છે, પરમાત્મા છે, પરમાત્મના પ્રકાશનાર છે, સિદ્ધાત્મા છે, (જેમને આત્મા પરિપૂર્ણ નિર્મળતારૂપ પરિણમીને સિદ્ધ-પ્રાપ્ત થયો છે,) એવા જિનેન્દ્રદેવને સદા નમસ્કાર હો. ૭

**અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ;**
**તસ્માત્કારુણ્યભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર. ૮**

હે જિનેશ્વર ! બીજું કોઈ શરણ નથી, તમે જ મારું શરણ છો; તેથી કારુણ્યભાવે (કરુણા કરીને) મારું રક્ષણ કરો–રક્ષણ કરો ! ૮.

ન હિ ત્રાતા ન હિ ત્રાતા, ન હિ ત્રાતા જગત્ત્રયે;
વીતરાગાત્પરો દેવો, ન ભૂતો ન ભવિષ્યતિ. ૯

ત્રણ લોકમાં વીતરાગ સિવાય (-વીતરાગથી ઊંચો) બીજો કોઈ દેવ રક્ષણહાર નથી, નથી, નથી; ન થયો છે, ન થશે. ૯

જિને ભક્તિર્જિને ભક્તિર્જિને ભક્તિદિને દિને;
સદા મેઽસ્તુ સદા મેઽસ્તુ સદા મેઽસ્તુ ભવે ભવે. ૧૦

ભવોભવ મને દરરોજ જિનેન્દ્રદેવ પ્રત્યે ભક્તિ સદા હો, સદા હો, ને સદા હો. ૧૦

જિનધર્મવિનિર્મુક્તો મા ભવચ્ચક્રવર્ત્યપિ;
સ્યાચ્ચેટોઽપિ દરિદ્રોપિ, જિનધર્માનુવાસિતઃ. ૧૧

જિનધર્મ વિહીન ચક્રવર્તીપણું પણ ન હો, પરંતુ જો જિનધર્મથી સુવાસિત છે તો દાસ કે દરિદ્રપણું હોય તો ભલે હો. ૧૧

જન્મ-જન્મકૃતં પાપં, જન્મકોટિમુપાર્જિતમ્;
જન્મ-મૃત્યુ-જરારોગં, હન્યતે જિનદર્શનાત્. ૧૨

જન્મોજન્મ કરેલાં અને કરોડો જન્મોમાં ઉપાર્જિત પાપ તેમ જ જન્મ-જરા-મૃત્યુ જિનેન્દ્રદેવનાં દર્શનથી હણાય છે. ૧૨

અદ્યાભવત્સફલતા નયનદ્વયસ્ય,
દેવ ત્વદીય ચરણાંબુજવીક્ષણેન;
અદ્ય ત્રિલોકતિલક પ્રતિભાસતે મે,
સંસારવારિધિરયં ચુલુકપ્રમાણમ્. ૧૩

[ ૨૮ ]

હે જિનેન્દ્રદેવ ! આપનાં ચરણકમળનાં દર્શનથી આજે (મારાં) બંને નેત્રો સફળ થયાં; હે ત્રિલોકતિલક ! (જિનેન્દ્રદેવ) આજે મને આ સંસારસાગર ચુલુક (અંજલી, હથેળીનાં જળ) જેટલાં (અત્યલ્પ) ભાસે છે. ૧૩.

m m m

[૨૯]

## 卐 શ્રી ઋષભદેવજિન-સ્તુતિ 卐

જેણે કીધી સકલ જનતા નીતિને જાણનારી,
ત્યાગી રાજ્યાદિક વિભવને જે થયા મૌનધારી;
વે'તો કીધો સુગમ સબળો મોક્ષનો માર્ગ જેણે,
વંદુ છું તે ઋષભજિનને ધર્મધોરી પ્રભુને.

## 卐 શ્રી વાસુપૂજ્ય જિન-સ્તુતિ 卐

જે ભેદાય ન ચક્રથી, ન અસિથી કે ઈન્દ્રના વજ્રથી,
એવાં ગાઢ કુકર્મ હે જિનપતે, છેદાય છે આપથી.

જે શાંતિ નવ થાય ચંદન થકી તે શાંતિ આપો મને,
વાસુપૂજ્ય જિનેશ હું પ્રણયથી નિત્યે નમું આપને.

##卐 શ્રી શાંતિજિન–સ્તુતિ 卐

જાણ્યા જાયે શિશુ સકળનાં લક્ષણો પારણાથી,
શાંતિ કીધી પણ પ્રભુ  તમે સર્વ આ લોકમાંહી;
પટ્ ખંડો ને નવ નિધિ તથા ચૌદ રત્નો તજીને,
પામ્યા છો જે પરમ પદને, આપજો તે અમોને.

## 卐 શ્રી મલ્લિજિન–સ્તુતિ 卐

તાર્યા ભવ્યો અતિ પ્રભાવે, જ્ઞાનના દિવ્ય તેજે,
સર્વજ્ઞ છો ! સર્વદર્શી પ્રભુ ! ત્રૈલોક્યના નાથ ગાજે;
સચ્ચારિત્રે જન-મન-હરી બાળથી બ્રહ્મચારી,
નિત્યે મલ્લિ જિનપતિ ! મને આપજો સેવ સારી.

## 卐 શ્રી નેમિજિન–સ્તુતિ 卐

લોભાવે લલના તણાં લલિત શું ત્રિલોકના નાથને ?
કમ્પાવે ગિરિભેદી વાયુ લહરી શું સ્વર્ણના શૈલને ?

શું સ્વાર્થે જિનદેવ એ પશુ તણા પોકારને સાંભળે ?
શ્રીમન્નેમિજિનેન્દ્ર સેવન થકી શું શું જગે ના મળે ?

## 卐 શ્રી પાર્શ્વજિન–સ્તુતિ 卐

ધૂણીમાં બળતો દયાનિધિ તમે જ્ઞાને કરી સર્પને,
જાણી સર્વ જનો સમક્ષ ક્ષણમાં આપી મહા મંત્રને ;
કીધો શ્રી ધરણેન્દ્ર ને ભવ થકી તાર્યા ઘણા ભવ્યને,
આપો પાર્શ્વજિનેન્દ્ર નાશરહિતા સેવા તમારી મને.

## 卐 શ્રી વીરજિન–સ્તુતિ 卐

શ્રી સિદ્ધાર્થ નરેન્દ્રના કુલનભે ભાનુ સમા છો વિભુ,
મારા ચિત્તચકોરને જિન તમે છો પૂર્ણ ચંદ્ર પ્રભુ;
પામ્યો છું પશુતા તજી સુરપણું, હું આપના ધર્મથી,
રક્ષો શ્રી મહાવીરદેવ મુજને, પામી મહા કર્મથી.

## 卐 શ્રી સીમંધરજિન–સ્તુતિ 卐

પૂર્વજ્ઞ છે ગણધરો પ્રભુપાદપદ્મે,
સર્વજ્ઞ કેવળી ઘણા પ્રભુના નિમિત્તે;

[ ૩૪]

આત્મજ્ઞ સંતગણના હૃદયેશ સ્વામી,
સીમંધરા ! નમું તને શિર નામી નામી.

## 卐 શ્રી જિન-સ્તુતિ 卐

દેખી મૂર્તિ...... જિનની નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરી ફરી પ્રભુ ધ્યાન તેનું ધરે છે;
આત્મા મારો પ્રભુ તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે.

## 卐 પૂજાની પ્રારંભિક વિધિ 卐

ૐ જય જય જય, નમોસ્તુ, નમોસ્તુ, નમોસ્તુ,
ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં,
ણમો ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં.

ૐ હ્રીં અનાદિમૂલમન્ત્રેભ્યો નમઃ (પુષ્પાંજલિ ચઢાવવી)

ચત્તારિ મંગલં–અરહંતા મંગલં, સિદ્ધા મંગલં,
સાહૂ મંગલં, કેવલિપણ્ણત્તો ધમ્મો મંગલં.

[ ૩૬ ]

ચત્તારિ લોગુત્તમા—અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા,

સાહૂ લોગુત્તમા, કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.

ચત્તારિ સરણં પવ્વજ્જામિ—અરહંતે સરણં પવ્વજ્જામિ,

સિદ્ધે સરણં પવ્વજ્જામિ, સાહૂ સરણં પવ્વજ્જામિ,

કેવલિપણ્ણત્તં ધમ્મં સરણં પવ્વજ્જામિ.

ૐ નમોઽર્હતે સ્વાહા (પુષ્પાંજલિ ચઢાવવી)

ઉદકચન્દનતન્દુલ પુષ્પ કૈશ્ચરુ   સુદીપ સુધૂપ  ફ્લાર્ધકૈ: ।
ધવલમંગલ ગાનરવાકુલે  જિનગૃહે જિનનાથ મહં યજે ।।

ૐ હ્રીં શ્રી સીમંધરતીર્થંકરાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

ૐ હ્રીં શ્રી ચતુર્વિંશતિતીર્થંકરેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

ૐ હ્રીં શ્રી પંચપરમેષ્ઠિભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

ૐ હ્રીં શ્રી ભગવજ્જિન સહસ્રનામેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

# ࿖ દેવ–શાસ્ત્ર ગુરુપૂજા ࿖

કેવલરવિ-કિરણોંસે જિસકા, સંપૂર્ણ પ્રકાશિત હૈ અંતર,
ઉસ શ્રી જિનવાણીમેં હોતા, તત્ત્વોંકા સુંદરતમ દર્શન;
સદ્દર્શન-બોધ-ચરણ પથ પર, અવિરલ જો બઢતે હૈં મુનિગણ,
ઉન દેવ પરમ આગમ ગુરુકો, શત-શત વંદન, શત-શત વંદન.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુ સમૂહ ! અત્ર અવતર અવતર સવૌષટ્ (આહ્‌વાનનં)
ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુ સમૂહ ! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠ: ઠ: (સ્થાપનમ્)
ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુ સમૂહ ! અત્ર મમ સન્નિહિતો ભવભવ વષટ્ (સન્નિધિકરણં)

[ ૩૯]

ઈન્દ્રિયકે ભોગ મધુર વિષ સમ, લાવણ્યમયી કંચન કાયા,
યહ સબ કુછ જડકી ક્રીડા હૈ, મેં અબતક જાનનહીં પાયા;
મૈં ભૂલ સ્વયં નિજ વૈભવકો, પર મમતામેં અટકાયા હૂં,
અબ નિર્મલ સમ્યક્-નીર લિયે, મિથ્યામલ ધોને આયા હૂં,

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો મિથ્યાત્વમલવિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા.

જડ ચેતનકી સબ પરિણતિ પ્રભુ ! અપને અપને મેં હોતી હૈ,
અનુકૂલ કહેં, પ્રતિકૂલ કહેં, યહ ઝૂઠી મનકી વૃત્તિ હૈ;

[૪૦]

**પ્રતિકૂલ સંયોગોંમેં ક્રોધિત હોકર સંસાર બઢાયા હૈ,**
**સંતપ્ત હૃદય પ્રભુ ! ચંદન સમ, શીતલતા પાને આયા હૈ.**

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો ક્રોધકષાયમલવિનાશનાય ચંદનં નિર્વપામીતિ સ્વાહા.

**ઉજ્જ્વલ હૂં કુંદધવલ હૂં પ્રભુ ! પરસે ન લગા હૂં કિંચિત્ ભી,**
**ફિર ભી અનુકૂલ લગેં ઉન પર, કરતા અભિમાન નિરંતર હી;**
**જડ પર ઝુક ઝુક જાતા ચેતન, કી માર્દવકી ખંડિત કાયા,**
**નિજ શાશ્વત અક્ષતનિધિ પાને, અબ દાસ ચરણરજમેં આયા.**

ॐ ह्रीं દેવશાસ્ત્રગુરુભ્યો માનકષાયમલવિનાશનાય અક્ષતં નિર્વપામીતિ સ્વાહા.

યહ પુષ્પ સુકોમલ કિતના હૈ, તનમેં માયા કુછ શેષ નહીં,
નિજ અન્તરકા પ્રભુ ! ભેદ કહૂં, ઉસમેં ઋજૂતાકા લેશ નહીં;
ચિંતન કુછ, ફિર સંભાષણ કુછ, કિરિયા કુછકી કુછ હોતી હૈ,
સ્થિરતા નિજમેં પ્રભુ પાઉં જો, અંતરકા કાલુષ ધોતી હૈ.

ॐ ह्रीं દેવશાસ્ત્રગુરુભ્યો માયાકષાયમલવિનાશનાય પુષ્પં નિર્વપામીતિ સ્વાહા.

[૪૨]

અબ તક અગણિત જડ દ્રવ્યોંસે, પ્રભુ ! ભૂખ ન મેરી શાંત હુઈ,
તુષ્ણાકી ખાઈ ખૂબ ભરી, પર રિક્ત રહી વહ રિક્ત રહી;
યુગ-યુગસે ઈચ્છા સાગરમેં, પ્રભુ ! ગોતે ખાતા આયા હૂં,
ચરણોંમેં વ્યંજન અર્પિત કર, અનુપમ રસ પીને આયા હૂં.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો લોભકષાયમલવિનાશનાય નૈવેદ્યં નિર્વપામીતિ સ્વાહા.

મેરે ચૈતન્ય સદનમેં પ્રભુ ! ચિર વ્યાપ્ત ભયંકર અંધિયારા,
શ્રુત-દીપ બુઝા હે કરુણાનિધિ ! બીતી નહિં કષ્ટોંકી કારા;

અત એવ પ્રભો ! યહ જ્ઞાન-પ્રતીક, સમર્પિત કરને આયા હૂં,
તેરી અંતર લૌસે નિજ અંતર-દીપ જલાને આયા હૂં.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો અજ્ઞાનઅંધકારવિનાશનાય દીપં નિર્વપામીતિ સ્વાહા.

જડ કર્મ ઘુમાતા હૈ મુઝકો, યહ મિથ્યા ભ્રાંતિ રહી મેરી,
મૈં રાગી દ્વેષી હો લેતાં, જબ પરિણતિ હોતી હૈ જડ કી;
યોં ભાવકરમ યા ભાવમરણ, સદિયોં સે કરતા આયા હૂં,
નિજ અનુપમ ગંધ અનલસે પ્રભુ, પર ગંધ જલાને આયા હૂં.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો વિભાવપરિણતિવિનાશનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા.

જગમેં જિસકો નિજ કહતા મૈં, વહ છોડ મુઝે ચલ દેતા હૈ,
મૈં આકુલ વ્યાકુલ હો લેતા, વ્યાકુલ કા ફલ વ્યાકુલતા હૈ;
મૈં શાંત નિરાકુલ ચેતન હૂં, હૈ મુક્તિરમા સહચર મેરી,
યહ મોહ તડક કર ટૂટ પડે, પ્રભુ ! સાર્થક ફલપૂજા તેરી.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો મોક્ષફલપ્રાપ્તયે ફલં નિર્વપામીતિ સ્વાહા.

[૪૫]

ક્ષણભર નિજ રસકો પી ચેતન, મિથ્યા મલકો ધો દેતા હૈ,
કાષાયિક ભાવ વિનષ્ટ કિયે, નિજ આનંદ અમૃત પીતા હૈ;
અનુપમ સુખ તબ વિલસિત હોતા, કેવલરવિ જગમગ કરતા હૈ,
દર્શન બલ પૂર્ણ પ્રગટ હોતા, યહ હી અર્હન્ત અવસ્થા હૈ;
યહ અર્ઘ સમર્પણ કરકે પ્રભુ ! નિજ ગુણકા અર્ઘ બનાઊંગા,
ઔર નિશ્ચિત તેરે સદશ પ્રભુ ! અર્હન્ત અવસ્થા પાઊંગા.

ૐ હ્રીં દેવશાસ્ત્રગુરુભ્યો અનર્ધ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

[ ૪૬ ]

## જયમાલા

ભવવનમેં જી ભર ઘૂમ ચૂકા, કણ-કણકો જી ભર ભર દેખા;
મૃગસમ મૃગતુષ્ણાકે પીછે, મુઝકો ન મિલી સુખકી રેખા.

ઝૂઠે જગકે સપને સારે, ઝૂઠી મનકી સબ આશાયેં;
તન-જીવન-યૌવન અસ્થિર હૈ, ક્ષણભંગુર પલમેં મુરઝાએ.

સમ્રાટ મહાબલ સેનાની, ઉસ ક્ષણકો ટાલ સકેગા ક્યા ?
અશરણ મૃત કાયામેં હર્ષિત, નિજ જીવન ડાલ સકેગા ક્યા ?

[ ૪૭]

સંસાર મહાદુ:ખ સાગરકે, પ્રભુ દુ:ખમય સુખ-આભાસોંમેં;
મુઝકો ન મિલા સુખ ક્ષણભર ભી, કંચન-કામિનિ પ્રાસાદોમેં,

મૈં એકાકી એકત્વ લિયે, એકત્વ લિયે સબ હી આતે;
તન-ધનકો સાથી સમઝા થા, પર યે ભી છોડ ચલે જાતે.

મેરે ન હુએ યે મૈં ઈનસે, અતિ ભિન્ન અખંડ નિરાલા હૂં;
નિજમેં પરસે અન્યત્વ લિયે, નિજ સમરસ પીનેવાલા હૂં,

જિસકે શૃંગારોંમેં મેરા, યહ મંહગા જીવન ઘુલ જાતા;
અત્યંત અશુચિ જડ કાયાસે, ઈસ ચેતનકા કૈસા નાતા?

[૪૮]

દિનરાત શુભાશુભ ભાવોંસે, મેરા વ્યાપાર ચલા કરતા;
માનસ વાણી ઔર કાયાસે, આસ્રવકા દ્વાર ખુલા રહતા.

શુભ ઔર અશુભકી જ્વાલાસે, ઝુલસા હૈ મેરા અંતસ્તલ;
શીતલ સમક્તિ કિરણેં ફૂટેં, સંવરસે જાગે અંતર્બલ.

ફિર તપકી શોધક વહ્નિ જગે, કર્મોંકી કડિયાં ટૂટ પડેં;
સર્વાંગ નિજાત્મ પ્રદેશોંસે, અમૃતકે નિર્ઝર ફૂટ પડેં.

હમ છોડ ચલે યહ લોક તભી, લોકાંત વિરાજે ક્ષણમેં જા;
નિજ લોક હમારા વાસા હો, શોકાંત બને ફિર હમકો ક્યા ?

[૪૯]

જાગે મમ દુર્લભ બોધિ પ્રભો ! દુર્નયતમ સત્વર ટલ જાવે;
બસ જ્ઞાતા-દ્રષ્ટા રહ જાઊં, મદ-મત્સર-મોહ વિનશ જાવે.

ચિર રક્ષક ધર્મ હમારા હો, હો ધર્મ હમારા ચિર સાથી;
જગમેં ન હમારા કોઈ થા, હમ ભી ન રહેં જગકે સાથી.

ચરણોંમેં આયા હૂં પ્રભુવર ! શીતલતા મુઝકો મિલ જાવે;
મુરજાઈ જ્ઞાન લતા મેરી, નિજ અંતર્બલસે ખિલ જાવે.

સોચા કરતા હૂં ભોગોંસે, બુઝ જાવેગી ઈચ્છા-જ્વાલા;
પરિણામ નિકલતા હૈ લેકિન, માનોં પાવકમેં ઘી ડાલા.

[૫૦]

તેરે ચરણોંકી પૂજાસે, ઈન્દ્રિય સુખકી હી અભિલાષા;
અબતક ન સમઝ હી પાયા પ્રભુ ! સચ્ચે સુખકી ભી પરિભાષા.

તુમ તો અવિકારી હો પ્રભુવર ! જગમેં રહતે જગસે ન્યારે;
અત એવ ઝુકે તવ ચરણોંમેં, જગકે માણિક મોતી સારે.

સ્યાદ્વાદમયી તેરી વાણી, શુભ નયકે ઝરને ઝરતે હૈં;
ઉસ પાવન નૌકા પર લાખોં પ્રાણી ભવવારિધિ તિરતે હૈ.

હે ગુરુવર ! શાશ્વત સુખ દર્શક, યહ નગ્ન સ્વરૂપ તુમ્હારા હૈ;
જગકી નશ્વરતાકા સચ્ચા, દિગ્દર્શન કરનેવાલા હૈ.

[ ૫૧]

જબ જગ વિષયોમેં રચ પચ કર, ગાફિલ નિદ્રામેં સોતા હો;
અથવા વહ શિવકે નિષ્કંટક પથમેં વિષકંટક બોતા હો.

હો અર્ધ નિશાકા સન્નાટા, વનમેં વનચારી ચરતે હોં;
તબ શાંત નિરાકુલ માનસ તુમ, તત્ત્વોંકા ચિંતન કરતે હો.

કરતે તપ શૈલ નદીતટ પર, તરુતલ વર્ષાકી ઝડિયોંમેં;
સમતારસ પાન કિયા કરતે, સુખ-દુ:ખ દોનોંકી ઘડિયોંમેં.

અન્તરજ્વાલા હરતી વાણી, માનોં ઝરતી હોં ફુલઝડિયાં;
ભવબંધન તડ તડ ટૂટ પડેં, ખિલ જાવેં અંતરકી કલિયાં.

[૫૨]

તુમસા દાની ક્યા કોઈ હો, જગકો દે દીં જગકી નિધિયાં;
દિનરાત લુટાયા કરતે હો, સમ શમકી અવિનશ્વર મણિયાં.

હે નિર્મલ દેવ ! તુમ્હેં પ્રણામ,
હે જ્ઞાનદીપ આગમ ! પ્રણામ;
હે શાંતિ-ત્યાગકે મૂર્તિમાન,
શિવ-પથ-પંથી ગુરુવર ! પ્રણામ.

ૐ હ્રીં શ્રી દેવશાસ્ત્રગુરુભ્યો અનર્ધ્યપદપ્રાપ્તયે મહાર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## 卐 ચોવીસ જિનેન્દ્રનો અર્ઘ 卐

જલ ફલ આઠોં શુચિસાર તાકો અર્ઘ કરોં,
તુમકો અરપોં ભવતાર, ભવતરિ મોક્ષ વરોં;
ચૌવીસૌં શ્રીજિનચંદ, આનંદકંદ સહી,
પદ જજત હરત ભવફંદ, પાવત મોક્ષ મહી.

ૐ હ્રીં શ્રીવૃષભાદિ મહાવીરપર્યંત ચતુર્વિંશતિતીર્થંકરેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

[૫૪]

## 卐 શ્રી મહાવીર ભગવાનનો અર્ઘ 卐

જલ ફલ વસુ સજિ હિમથાર, તન-મન મોદ ધરો;
ગુણ ગાઊં ભવદધિ તાર, પૂજત પાપ હરોં.
શ્રી વીર મહા અતિવીર, સન્મતિનાયક હો;
જય વર્ધમાન ગુણધીર, સન્મતિદાયક હો.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય અનર્ધ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

[ ૫૫]

## 卐 શ્રી સીમંધર ભગવાનનો અર્ઘ 卐

શુચિ નિરમલ નીરં ગંધ સુઅક્ષત, પુષ્પ ચરુ લે મન હરષાય,
દીપ ધૂપ ફલ અર્ઘ સુ લેકર, નાચત તાલ મૃદંગ બજાય;
સીમંધરજિન ચરણકમલ પર, બલિ બલિ જાઊં મનવચકાય,
હો કરુણાનિધિ ભવદુ:ખ મેટો, યાતૈં મૈં પૂજૂં પ્રભુ પાય.

ૐ હ્રીં શ્રી સીમંધરજિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

[ ૫૬ ]

## ꖦ પંચપરમેષ્ઠીનો અર્ઘ ꖦ

મનમાંહિ ભક્તિ અનાદિ નમિ હોં દેવ અરહંત કો સહી,
શ્રી સિદ્ધ પૂજૂં અષ્ટ ગુણમય સૂરિ ગુણ છત્તીસ હી;
અંગ-પૂર્વધારી જજૌં ઉપાધ્યાય સાધુ ગુણ અઠબીસ જી,
યે પંચ ગુરુ નિરગ્રંથ સુમંગલદાયી જગદીશ જી.

ૐ હ્રીં શ્રીઅરહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સર્વસાધુ-પંચપરમેષ્ઠિભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

[૫૭]

## 卐 શ્રી બાહુબલી ભગવાનનો અર્ઘ 卐

વસુવિધિકે વસ વસુધા સબકી, પરવશ અતિ દુ:ખ પાવે,
તિહિ દુ:ખ દૂર કરનકો ભવિજન, અર્ઘ જિનાગ્ર ચઢાવે,
પરમપૂજ્ય વીરાધિવીર જિન, બાહુબલી બલધારી,
જિન કે ચરણકમલકો નિત પ્રતિ, ધોક ત્રિકાલ હમારી.

ૐ હ્રીઁ શ્રી વર્તમાન અવસર્પિણી સમયે પ્રથમ મુક્તિ સ્થાન પ્રાપ્તાય કર્મારિવિજયી વિરાધિવીર વીરાગ્રણ્ય શ્રી બાહુબલી સ્વામીને અનર્ઘપદ પ્રાપ્તાય મહાર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા.

## 卐 શ્રી જિનવાણીનો અર્ઘ 卐

ઉદક-ચંદન-તંદુલ-પુષ્પકૈશ્ચરૂ-સુદીપ-સુધૂપ-ફલાર્ધકૈઃ ।
ધવલ-મંગલ-ગાન-રવાકુલે જિનગૃહે જિનવાણી મહં યજે ।।
ૐ હ્રીં શ્રી પરમાગમજિનસૂત્રેભ્યઃ અર્ઘ નિર્વપામીતિ સ્વાહા

## 卐 શ્રી સુવર્ણપુરીનો અર્ઘ 卐

ભરિ સ્વર્ણથાલ વસુદ્રવ્ય અર્ચૂં કર જોરિ,
પ્રભુ સુનિયો વિનંતી નાથ, કહું મૈં ભાવ ધરિ;

[ ૫૯ ]

અનુભૂતિ તીર્થમહાન સુવર્ણપુરી સોહે,
યહ કહાનગુરુ વરદાન મંગલ મુક્તિ મિલે.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરી તીર્થે સર્વ જિનાયતનેષુ બિરાજમાન-જિનબિંબેભ્યો અર્ઘં૦

## સુવર્ણપુરી – જયમાલા

(રાગ : જય કેવલભાનુ; છંદ : ત્રોટક)

યહ સ્વર્ણપુરી અતિ પાવન હૈ, મંગલ મંગલ મંગલકર હૈ,
યહ મુક્તિમાર્ગ પ્રકાશક હૈ, સ્વાનુભૂતિતીર્થ અતિ મંગલ હૈ.

[ ૬૦ ]

સ્વર્ણિમ આભા હૈ સ્વર્ણપુરીકી, સ્વર્ણિમ હૈ ઈતિહાસ બના,
ગુરુવરકી અધ્યાતમ વાણીસે, નિર્મિત યહ તીરથધામ મહા.

સાતિશય જિનવરમંદિર હૈ, દિવ્યમૂરતિ સીમંધરજિનકી,
જિનકે દર્શનકર જગપ્રાણી, આતમશાંતિ સુખ પાતે હૈં.

વિદેહી ચિતાર હૈ સમવસરણ, જહાઁ કુંદપ્રભુજી પધારે હૈં,
ઉન્નત માનસ્તંભ દિવ્ય મહા, વિદેહીનાથ બિરાજે હૈં.

પરમાગમ મંદિર અદ્ભૂત હૈ પ્રભુ મહાવીરકી મૂરતિ હૈ,
કુંદકુંદ ચરણ અભિરામ બને, પંચ પરમાગમ શ્રુતમંદિરમેં.

[૬૧]

પંચમેરુ નંદીશ્વરધામ બના,  ભાવિ જિનવરજી બિરાજિત હૈ,
આદિનાથ પ્રભુ અરુ જિનવરવૃંદ,  રત્નજડિત વચનામૃત હૈં.

સ્વાધ્યાયમંદિર બના અતિ સુંદર, જહાઁ કહાનગુરુને વાસ કિયા,
પૈતાલીસ વર્ષો તક જહાઁ ગુરુને,  આતમકા હી ધ્યાન કિયા.

અનુભવભીની વાણી બરસી,  માનો અમૃત ધારા બરસી,
ગુરુ-વચનામૃતસે સારે જગમેં,  ફૈલી આતમકી હરિયાલી.

પ્રવચનમંડપ સુવિશાલ અહા, ગુરુ પ્રભાવનાકા સ્મારક હૈ,
પૌરાણિક ચિત્રાવલિ અંકિત,  પંચ પરમાગમ હરિગીત રચે.

[ ૬૨ ]

પ્રશમમૂર્તિ માત ભગવતી, સ્વાનુભૂતિવિભૂષિત રત્ન અહો,
જ્ઞાન વૈરાગ્ય ભક્તિકા સંગમ હૈ, સ્મૃતિજ્ઞાન અલૌકિક મંગલ હૈ.

જયવંત રહો જયવંત રહો સ્વાનુભૂતિતીર્થ જયવંત રહો,
તારણહારે ગુરુદેવકા યહ સ્વાનુભૂતિતીર્થ જયવંત રહો.

ૐ હ્રીં શ્રી સુવર્ણપુરી-અધ્યાત્મતીર્થે જિનમન્દિરે બિરાજમાન શ્રી સીમન્ધરસ્વામી, પદ્મપ્રભ, શાન્તિનાથ, નેમિનાથ આદિ જિનેન્દ્ર; સમવસરણે બિરાજમાન શ્રી સીમન્ધરસ્વામી, તત્પાદમૂલ-બિરાજમાન શ્રી કુન્દકુન્દાચાર્યદેવ; માનસ્તમ્ભે ચતુર્દિક્ષુ બિરાજમાન શ્રી

સીમન્ધરસ્વામી; પરમાગમમન્દિરે બિરાજમાન ભગવાન શ્રી મહાવીરસ્વામી, શ્રી સમયસાર આદિ પંચપરમાગમ, શ્રી કુન્દકુન્દાચાર્ય-ચરણચિન્હ; ગુરુદેવશ્રીકે વચનામૃત તથા બહિનશ્રીકે વચનામૃત ઈતિ ઉભયાભ્યાં વિભૂષિત પંચમેરુનન્દીશ્વરજિનાલયે બિરાજમાન ભગવાન શ્રી આદિનાથ, ધાતકીખંડ વિદેહી ભાવિ તીર્થંકર, જમ્બુ-ભરતસ્ય ભાવિ તીર્થંકર શ્રી મહાપદ્મ જિનવર; પંચમેરૌ તથા નન્દીશ્વર-દ્વાપંચાશત્-જિનાલયે બિરાજમાન સર્વ શાશ્વત જિનેન્દ્ર; સ્વાધ્યાયમન્દિરે પ્રતિષ્ઠિત શ્રી સમયસાર ઈત્યાદિ સર્વ વીતરાગપદેભ્ય: પૂજનાર્થે મહાઅર્ધ્યં નિર્વપામીતિ સ્વાહા......

## 卐 સમુચ્ચય અર્ઘ 卐

મૈં દેવ શ્રી અર્હન્ત પૂજૂં, સિદ્ધ પૂજૂં ચાવસોં,
આચાર્ય શ્રી ઉવઝાય પૂજૂં, સાધુ પૂજૂં ભાવસોં;

અર્હન્ત-ભાષિત વૈન પૂજૂં, દ્વાદશાંગ રચે ગની,
પૂજૂં દિગંબર ગુરુચરન, શિવહેત સબ આશા હની.

સર્વજ્ઞભાષિત ધર્મ દશવિધિ દયામય પૂજૂં સદા,
જજિ ભાવના ષોડશ રતનત્રય, જા વિના શિવ નહિ કદા;

ત્રૈલોક્યકે કૃત્રિમ અકૃત્રિમ ચૈત્ય ચૈત્યાલય જજૂં,
પન મેરુ નંદીશ્વર જિનાલય ખચર-સુર-પૂજિત ભજૂં.
કૈલાસ શ્રી સમ્મેદ શ્રી ગિરનારગિરિ પૂજૂં સદા,
ચંપાપુરી પાવાપુરી પુનિ ઔર તીરથ સર્વદા;
ચૌબીસ શ્રી જિનરાજ પૂજૂં, બીસ ક્ષેત્ર વિદેહકે,
નામાવલી ઈક સહસ વસુ, જય હોય પતિ શિવગેહકે.
જલ ગંધાક્ષત પુષ્પ ચરુ, દીપ ધૂપ ફલ લાય;
સર્વ પૂજ્ય પદ પૂજહૂં, બહુ વિધ ભક્તિ બઢાય.

ॐ ह्रीं भावपूजा, भाववंदना, त्रिकालपूजा, त्रिकालवंदना, करवी-करावવી -ભાવના ભાવવી શ્રી અરહંતજી, શ્રી સિદ્ધજી, શ્રી આચાર્યજી, શ્રી ઉપાધ્યાયજી, શ્રી સર્વસાધુજી-પંચપરમેષ્ઠિભ્યો નમ:। પ્રથમાનુયોગ-કરણાનુયોગ-ચરણાનુયોગ-દ્રવ્યાનુયોગેભ્યો નમ:। દર્શન-વિશુદ્ધયાદિ ષોડશ કારણેભ્યો નમ:। ઉત્તમ ક્ષમાદિ દશલક્ષણ ધર્મેભ્યો નમ:। સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રેભ્યો નમ:। જલ વિષે, થલ વિષે, આકાશ વિષે, ગુફા વિષે, પહાડ વિષે, નગર-નગરી વિષે, ઊર્ધ્વલોક-મધ્યલોક-પાતાલલોક વિષે બિરાજમાન કૃત્રિમ-અકૃત્રિમ જિનચૈત્યાલય-જિનબિંબેભ્યો નમ:।

[ ૬૭]

વિદેહક્ષેત્રે વિદ્યમાન વીસ તીર્થંકરેભ્યો નમ:। પાંચ ભરત, પાંચ ઐરાવત-દસ ક્ષેત્ર સંબંધી ત્રીસ ચોવીસીના સાતસો વીસ જિનેન્દ્રેભ્યો નમ:। શ્રી નંદીશ્વરદ્વીપ સંબંધી બાવન જિન ચૈત્યાલયેભ્યો નમ:। સમ્મેદશિખર, કૈલાસ, ચંપાપુર, પાવાપુર, ગિરનાર આદિ નિર્વાણક્ષેત્રેભ્યો નમ:। શત્રુંજય, તારંગા આદિ સિદ્ધક્ષેત્રેભ્યો નમ:। અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી, જૈનબિદ્રી, મૂડબિદ્રી આદિ અતિશયક્ષેત્રેભ્યો નમ:। શ્રી ચારણ ઋદ્ધિધારી સપ્ત પરમઋષિભ્યો નમ:। ઇતિ ઉપર્યુંક્તેભ્ય: સર્વેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## 卐 શાંતિપાઠ 卐

મૈં તુમ ચરણકમલ ગુણ ગાય, બહુ વિધિ ભક્તિ કરું મન લાય;
જનમ જનમ પ્રભુ પાઉં તોહિ, યહ સેવાફલ દીજે મોહિ.

કૃપા તિહારી ઐસી હોય, જામન મરન મિટાવો મોય;
વાર વાર મૈં વિનંતી કરું તુમ સેયે ભવસાગર તરું.

નામ લેત સબ દુઃખ મિટ જાય, તુમ દર્શન દેખ્યા પ્રભુ આય;
તુમ હો પ્રભુ દેવનકે દેવ, મૈં તો કરું ચરણ તવ સેવ.

[૬૯]

મૈં આયો પૂજનકે કાજ, મેરો જન્મ સફલ ભયો આજ;
જો મુઝ સેવકકી અરદાસ, સો સબ રહી જ્ઞાનમેં ભાસ.

યાતેં નહિં કછુ કહની પરે, તુમ હી તેં સબ કારજ સરે;
તુમરે ગુણાંકો સ્વામી અંત ન પાર, તુમ વિન કૌન લગાવે પાર.

'તાર-તાર' વિલ મત કર દેવ, એહિ વિરદ સુન તારન એવ;
પૂજા કરકે નવાઉં નિજ શીશ, મુજ અપરાધ ક્ષમહુ જગદીશ

m m m

[૭૦]

## 卐 વિસર્જન 卐

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત.
એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ-આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો;
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

[ ૭૧]

## 卐 શ્રી જિન-સ્તવન 卐

જિનવર-દર્શન અદ્‌ભુત લાગે છે, અદ્‌ભુત લાગે છે
પ્રભુધામ રે, જિનવર પૂજૂં આનંદથી.....૧

રત્નત્રયીની પ્રાપ્તિ કાજે, દર્શનં કરું વીતરાગ રે. જિન૦
જિનવર દર્શનથી હર્ષ ઉભરાય છે, પ્રદક્ષિણા દેવું પ્રભુ દ્વાર રે.

ક્ષીર ઉદધિના ઉજ્જવલ જલથી, ઈંદ્ર કરાવે અભિષેક રે. જિન૦
હું રે પ્રભુજી પવિત્ર નીરથી, ભાવે કરું અભિષેક રે. જિન૦

[૭૨]

કલ્પવૃક્ષ ને મુક્તાફલથી, ઈન્દ્ર પૂજે જિનરાજ રે. જિન૦

સેવક તંદુલ બદામ લઈને, ભાવે ચરણ પૂજે આજ રે. જિન૦

અભિષેક પૂજા ને પ્રદક્ષિણા કરતાં, રોમાંચ ઉલ્લસિત થાય રે.
વીતરાગ ભાવની સ્ફૂરણા થાતાં, જન્મ-મરણ દુઃખ જાય રે. જિન૦

ધન્ય દિવસ ને ધન્ય ઘડી આજ, જીવન મારું ધન્ય થાય રે. જિન૦

[૭૩]

## ॐ શ્રી જિન-સ્તવન ॐ

આજ મારા હૃદયમાં, આનંદસાગર ઉછળે;
જિનચંદ્રના દર્શન વડે, સંતાપ સવિ સહેજે ટળે.

કળિકાળમાં જિનદેવનું, દર્શન જીવન આધાર છે;
પામશે જે શુદ્ધભાવે, તરી જશે સંસાર તે.

ભવવને ભમતાં થકાં, ભૂલા પડેલાં માર્ગમાં;
દર્શનરૂપી દીપક લઈ, જાશું અમે અપવર્ગમાં.

[ ૭૪]

રામનો સંગમ થયે, જે હર્ષ પામે જાનકી;
તેવી જ રીતે ભવિકને, જિનદેવના દર્શન થકી.

શ્રી ગુરુ વચનામૃત સુણી, જાણ્યું અમે જિનદર્શને;
મુજ આત્મ જાગે, પાપ ભાગે, સિદ્ધની પદવી મળે.

m m m

[ ૭૫]

## 卐 શ્રી સમયસારજી સ્તુતિ 卐

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

[ ૭૬ ]

(શિખરિણી)

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;

[૭૭]

સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

[૭૮]

(અનુષ્ટુપ)

**બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી,**
**તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.**

m m m

[ ૭૯]

## 卐 શ્રી સદ્‌ગુરુદેવ સ્તુતિ 卐

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુકહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

[૮૦]

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત્ સત્ જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;

[૮૧]

–રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેન્દ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું,
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું,

[ ૮૨ ]

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી ;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું –મનરથ મનનો ; પૂરજો શક્તિશાળી !

m m m

[૮૩]

## 卐 અમૂલ્ય તત્ત્વવિચાર 卐

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો? ૧
લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો;

વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !!! ૨

નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્દુ:ખ તે સુખ નહીં. ૩

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?

એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો. ૫

m m m

[૮૬]

## 卐 જૈનધર્મનો દીપક 卐

આ જૈનધર્મનો દીપક, જેની પાવન જ્યોત નિરાળી;
નિજ આત્મધ્યાન ધરીને, જિનદેવોએ પ્રગટાવી.
આ જૈનધર્મનો......

આ ઝળહળતા દીવડાને, તમે ઝાંખો થવા ન દેશો;
એની જ્યોત કદી ન બુઝાયે, એવા કામ ન કોઈ કરશો.
આ જૈનધર્મનો.....

[ ૮૭]

અમે વીર પ્રભુના પુત્રો, એક વાત હૃદયમાં ધરશું;
મહાવીર પ્રભુ શાસનને બદનામ કદી ના કરશું.
આ જૈનધર્મનો......

અમે કહાન ગુરુના ભક્તો, દૃઢ શ્રદ્ધા હૈયે ધરીશું;
ગુરુ-માત તણાં શાસનને, પળ પળ ઉજ્જવળ કરીશું.
આ જૈનધર્મનો.....

જે સમ્યગ્દષ્ટિ જીવોએ, આ પંથ પરમ પ્રકાશ્યો;
તે પંથે પગલાં ભરીને, નિજ આતમલક્ષ્મી વરીશું.
આ જૈધર્મનો......

[૮૮]

ગુરુજીના ગુણો સ્મરીને, એ પાવન પંથે જઈશું;
તેઓનાં મુક્તિસંઘમાં, સૌ મુમુક્ષુઓ જઈ મળીશું.
આ જૈનધર્મનો.....

સુવર્ણપુરી કણ કણમાં, ગુંજે આતમ આતમ નાદ;
ઘર ઘરમાં નિત્ય વહે છે, રૂડી સમયસારની વાત.
આ જૈનધર્મનો....

m m m